## એક સમયે ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી ગણાતું પણ હવે અંગદાનની નવી ભૂમિ સાથે નવી જ વૈશ્વિક ઓળખ બની ગઈ

# સુરતમાં ઓર્ગન ડોનેશન- ટ્રાન્સપ્લાન્ટથી નવા મેડિકલ ટુરિઝમના મંડાણ

**હોય જો હૈયામાં હામ, તો વિઘ્નોનું નથી કામ... એક સમય હતો કે જ્યારે સુરત શહેરની ઓળખ ટેક્સટાઈલ સિટી અને ડાયમંડ સિટી તરીકેની હતી, આજે સુરત શહેરની ઓળખ ઓર્ગન ડોનરોના સિટી તરીકે ઓળખાય છે. ભૂતકાળમાં જ્યારે સુરતમાં કિડની ખરાબ થઈ ગઈ હોય તો તેનો ઉપાય એકમાત્ર ડાયાલીસિસનો જ રહેતો હતો. હૃદય ખરાબ થઈ ગયું હોય તો તેવા દર્દીનું મોત જ નિશ્ચિત રહેતું હતું પરંતુ આજે એવી સ્થિતિ છે કે સુરત શહેરમાં પાંચ-પાંચ હોસ્પિટલોમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ થાય છે. સને 2005માં સુરત શહેરમાંથી અંગદાન એટલે કે ઓર્ગન ડોનેશનની શરૂઆત થઈ હતી. સને 2004માં સુરતના નિલેશ માંડલેવાલાના પિતાની કિડની ખરાબ થઈ ગઈ અને તેમને વિચાર આવ્યો કે શા માટે ઓર્ગન ડોનેશનની દિશામાં કામ નહીં કરવુ? માંડલેવાલાએ ત્યારથી જ ઓર્ગન ડોનેશનની ઝુંબેશ શરૂ કરી અને બાદમાં ડોનેટ લાઈફ સંસ્થાની સ્થાપના કરી. આજે સુરત ઓર્ગન ડોનેશનમાં આખા દેશમાં પ્રથમ ક્રમે છે. સુરતની હોસ્પિટલોમાં જ ટ્રાન્સપ્લાન્ટ શરૂ થતાં ટ્રાન્સપ્લાન્ટ માટેના નિષ્ણાંત તબીબો સુરત આવતા થઈ ગયા છે. સુરતના તબીબો ટ્રાન્સપ્લાન્ટ કરતાં શીખી રહ્યા છે. સુરતમાં આજે કિડની, લીવર, હૃદય, ફેફસાં તેમજ હાથનું ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે છે. આગામી દિવસોમાં સ્વાદુપિંડ તેમજ નાના આંતરડાંના ટ્રાન્સપ્લાન્ટની પણ સુરતમાં શરૂઆત થઈ જશે. આ તમામને કારણે સુરતમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટનું અલગ જ મેડિકલ ટુરિઝમ પણ શરૂ થયું છે.**

Succcess મંત્ર



### સુરતવાસીઓ ટ્રાન્સપ્લાન્ટ માટે જે શહેરમાં જવું પડતું હતું તે શહેરોના નિષ્ણાંત તબીબોએ હવે સુરતમાં ઓપીડીઓ ખોલી છે, લોકલ તબીબો પણ તૈયાર થઈ રહ્યા છે

સુરતમાં સને 2006માં ઓર્ગન ડોનેશનની પ્રવૃત્તિ શરૂ થઈ. સુરતમાંથી મહત્તમ ઓર્ગન ડોનેટ થતા હતા પરંતુ સુરતની એ કમનસીબી હતી કે સુરતમાં એકપણ હોસ્પિટલ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કરતી નહોતી. સુરતમાંથી ઓર્ગન ડોનેટ થયું હોવા છતાં પહેલાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ માટે અમદાવાદ, મુંબઈ, ચેન્નાઇ જેવા શહેરમાં જવું પડતું હતું. સને 2020 સુધી આ સ્થિતિ રહી હતી. સુરત સહિત આખા દક્ષિણ ગુજરાતમાં ક્યાંય ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની સુવિધા નહોતી. જોકે, બાદમાં સુરતમાં જ પ્રથમ 2020માં કિડની અને ત્યારબાદ 2021માં લીવર, 2022માં હૃદય અને તાજેતરમાં 2025માં હાથનું પણ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. હાલમાં સુરત શહેરમાં કિરણ હોસ્પિટ, મહાવીર હોસ્પિટલ, મેટાસ, શેલ્બી અને સિડ્સ હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ થઈ રહ્યા છે અથવા શરૂ કરવામાં આવનાર છે. સુરતમાં હોસ્પિટલોને ટ્રાન્સપ્લાન્ટની મંજૂરી મળી જતાં જે ટ્રાન્સપ્લાન્ટના નિષ્ણાંત ડોકટરો માટે અન્ય શહેરોમાં જવું પડતું હતું તેવા મુંબઈ, કોલકત્તા, ચેન્નાઈ સહિતના શહેરોના તબીબો હવે ટ્રાન્સપ્લાન્ટ માટે સુરત આવવા લાગ્યા છે. આ ડોકટરોએ પોતાની ઓપીડીઓ સુરતમાં શરૂ કરી છે. આ તબીબોનો લાભ સુરતના તબીબોને પણ મળી રહ્યો છે. સુરતના તબીબો પણ તાલીમ લઈ રહ્યા છે અને સુરતના તબીબો ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ પણ કરતાં થઈ ગયા છે. સુરતમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ શરૂ થઈ જતાં અન્ય શહેરોમાંથી દર્દીઓ સુરતમાં આવતા થઈ ગયા છે. દર્દીઓના પરિજનો સુરતમાં રહેતા હોવાથી હોટલ ઉદ્યોગને ફાયદો થઈ રહ્યો છે. ટ્રાવેલર્સને ફાયદો થઈ રહ્યો છે. ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટને કારણે સુરતની નવી ઓળખ પણ બની છે. ટ્રાન્સપ્લાન્ટની એક નવી જ ઈકો સિસ્ટમ ડેવલપ થઈ છે. આજે આખા દેશમાં ઓર્ગન ડોનેશન અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના મામલે સુરતનું નામ ગુંજી રહ્યું છે.

### ઓર્ગન ડોનેશન માટે સમજાવતી વખતે બ્રેઇનડેડ વ્યક્તિના પરિવારજનો અમને ગાળો આપતા, મારવા દોડતાં હતા: નિલેશ માંડલેવાલા



ડોનેટ લાઇફ સંસ્થાના સંસ્થાપક નિલેશ માંડલેવાલાએ જણાવ્યું હતું કે, શરૂઆતના સમયમાં ઓર્ગન ડોનેશન માટે લોકોને સમજાવવું ખૂબ જ અઘરૂં હતું. ધાર્મિક માન્યતાઓ, અંગોના દાન માટેની ખોટી માન્યતાઓને કારણે બ્રેઈનડેડના પરિવારજનો પહેલા ના જ પાડી દેતા હતા. કેટલીક વખત તો પરિવારજનો નારાજ થતાં, ગુસ્સે થતા હતા, ક્યાંક તો અમને ગાળો પણ આપી હતી. એક-બે વખત તો અમારો કોલર પકડી લઈને મારવા માટે પણ દોડ્યા હતા. જોકે, અમે ધીરજથી કામ લેતા હતા. લોકોમાં ધાર્મિક ગેરમાન્યતાઓ, ખોટી અફવાઓ જેમ કે અંગદાન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી જેવી અસમજણ દૂર કરવામાં આવી હતી. વ્યક્તિનું અવસાન થાય છે. ત્યારે આત્મા પહેલા જતી રહે છે. સૌથી પહેલું હ્યુમન ટ્રાન્સપ્લાન્ટ ગણેશજીનું થયું હતું. જેમને લોજીકલ ભાષામાં ખબર પડે તેમને તે ભાષામાં, ધર્મની ભાષામાં, સાયન્સની ભાષામાં જેને જે ભાષામાં ખબર પડે તે ભાષામાં તેમણે સમજણ આપવામાં આવી હતી. હવે લોકોમાં ઓર્ગન ડોનેશન માટે જાગૃતિ આવી છે. વધુને વધુ બ્રેઈનડેડના પરિવારજનો ઓર્ગન ડોનેશન માટે તૈયાર થઈ રહ્યા છે અને તેને કારણે અનેકના જીવ બચી રહ્યા છે.

### 14 મહિનાના બાળકના હૃદયનું દાન કરનાર બિહારના પરિવારે બાદમાં નવા જન્મેલા પુત્રનું નામકરણ નિલેશ માંડલેવાલા પાસે કરાવ્યું હતું



મૂળ બિહારના અને હાલ ડિંડોલી વિસ્તારમાં રહેતા સુનિલભાઈનો 14 મહિનાનો બાળક ગણેશ ઉત્સવ દરમિયાન રમતા રમતા પડી ગયો હતો. સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જયાં તેને બ્રેઇનડેડ જાહેર કરવામાં આવ્યો હતો. નિલેશ માંડલેવાલાએ માતા-પિતાને સમજાવ્યા પરંતુ તેમણે બે દિવસનો સમય લીધો. દરેક વખતે પુછતાં કે મારો પુત્ર બચી નહીં શકે. દરેક વખતે જવાબ ના માં આવતો હતો. આખરે માતાએ મંજૂરી આપી અને તેના હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ કરાયું. જોકે, બાદમાં આ દંપતિને જે નવો બાળક જન્મ્યો ત્યારે તેનું નામ નિલેશ માંડલેવાલાના હસ્તે કરાયું હતું. આ પરિવાર ખૂબ જ ગરીબ હોવા છતાં પણ તેણે ઓર્ગન ડોનેશનની જરૂરીયાત સમજી હતી. પરિવારે એ સમજ્યું હતું કે, આજે તેમના પુત્રનું હૃદય અન્ય કોઈનો જીવ બચાવી શકે છે.

### ઓર્ગન ડોનેશનમાં એવી ઘટનાઓ કે જે આખા દેશ અને રાજ્યમાં પ્રથમ વખત સુરતમાં જ બની

1. વર્ષ-2006માં ગુજરાતમાં સૌ પ્રથમવાર સુરતમાંથી કિડનીનું દાન અશક્તાશ્રમ હોસ્પિટલમાંથી કરવામાં આવ્યું હતું. જે ગુજરાત ઇન્ટરસિટીમાં કિડની ટ્રાન્સપ્લાન્ટની પ્રથમ ઘટના હતી.
2. ફેબ્રુઆરી-2006માં ગુજરાતમાં સૌ પ્રથમવાર સ્મીમેર હોસ્પિટલમાંથી લિવર અને કિડનીનું એક સાથે દાન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતમાં લિવર ટ્રાન્સપ્લાન્ટની સુવિધાના અભાવે લિવરને હૈદરાબાદ ખાતે મોકલવામાં આવી હતી. જે પ્રથમ રાજ્યની બહારની ઘટના હતી.
3. ડિસેમ્બર-2015માં ગુજરાતમાં સૌ પ્રથમવાર હૃદયનું દાન સુરતથી કરવામાં આવ્યું હતું.
4. મે-2016માં ગુજરાતમાં સૌ પ્રથમવાર હાડકાનું દાન સુરતથી કરવામાં આવ્યું હતું.
5. જૂન-2017માં ગુજરાતમાં સૌ પ્રથમવાર ગવર્મેન્ટ મેડિકલ કોલેજની અંગદાન કરાવવાની શરૂઆત સુરત નવી સિવિલ હોસ્પિટલથી કરવામાં આવી હતી.
6. સપ્ટેમ્બર-2017માં દેશના સૌથી નાના બાળકના એટલે કે 14 મહિનાના બાળકના હૃદયનું દાન સુરતથી કરવામાં આવ્યું હતું.
7. મે-2019માં ગુજરાતમાં સૌ પ્રથમવાર ફેફસાનું દાન સુરતથી કરવામાં આવ્યું હતું. જેને બેંગલોર ખાતે મોકલવામાં આવ્યા હતા.
8. ડિસેમ્બર-2020માં કોરોના સમયે દેશના સૌથી નાના બાળકનું એટલે કે અઢી વર્ષના બાળકના કીડની, લિવર, સહિતના મલ્ટિપલ ઓર્ગન ડોનેશનની પ્રથમ ઘટનાં સુરતથી થઈ હતી.
9. વર્ષ-2021માં દેશમાં સૌથી નાના બાળકના એટલે કે 14 વર્ષના બાળકોના હાથનું દાન સુરતથી કરવામાં આવ્યું હતું.
10. ઓગસ્ટ-2021માં ગુજરાતમાં સૌ પ્રથમવાર એક જ દિવસે, એક જ હોસ્પિટલમાંથી 13 અંગોનું દાન સુરતથી કરવામાં આવ્યું હતું.
11. સપ્ટેમ્બર-2024માં વિશ્વના સૌથી નાની બાળકીના એટલેકે 9 વર્ષની બાળકીના હાથનું દાન સુરતથી કરવામાં આવ્યું હતું.

### હાથ ડોનેટ કરનાર બાળકના પરિવારે જ્યારે હાથનું ટ્રાન્સપ્લાન્ટ કરાવનારના હાથને પકડીને પોતાનું સ્વજન જીવતું હોવાનો અહેસાસ કર્યો


કતારગામ ખાતે રહેતા પરિવારનું 14 વર્ષનું બાળક બ્રેઇનડેડ થતાં તેના પરિવારને સમજાવીને તેના હાથ ડોનેટ કરવામાં આવ્યા અને તે પૂનાના યુવકમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયા. સૌથી નાના બાળકના હાથના દાનની આ પ્રથમ ઘટના હતી. બાદમાં જ્યારે ઓર્ગન લેનાર યુવાન આ બાળકના ઘરે આવ્યો ત્યારે આખા પરિવારે આ યુવાનના હાથને સ્પર્શીને જાણે પોતાનું બાળક જીવતું હોય તેવો અનુભવ કર્યો હતો. ઉત્તરાયણમાં બાળકના પિતાએ ફિરકી પકડી હતી અને યુવાને પતંગ ચગાવ્યો ત્યારે પિતાએ એવો અનુભવ કર્યો હતો કે જાણે તેઓ પોતાના પુત્રની ફિરકી પકડી રહ્યા છે.



# ફરાળી વાનગીમાં પણ આવી ગયા વોફલ અને ભેળ ઉપવાસમાંયે માણો દેશી-વિદેશી વેરાયટીઓનો મેળ

ચૈત્ર નવરાત્રી ચાલી રહી છે અને ઘણા લોકોએ ઉપવાસ પણ રાખ્યાં જ હશે. પણ જરા વિચારો કે ઉપવાસના દિવસોમાં પણ કંઈક નવું ટેસ્ટી ચટપટું ખાવા મળે તો કેવી મજા પડે! પહેલા ફરાળી ફૂડ એટલે મોરિયો, સાબુદાણાના વડા, કંદ-મૂળનું શાક વિ. સુધી સીમીત હતું. સ્વાદના શોખીન સુરતીઓએ ફરાળમાં પણ જાતજાતની ફૂડ રેસિપીનું ઈનોવેશન કર્યું છે જેથી ઉપવાસના દિવસોમાં એકની એક વસ્તુઓ ખાવું બોરિંગ નહીં લાગે અને ઉપવાસના દિવસો શાંતિપૂર્વક નીકળી જાય,સાથે યંગસ્ટર્સને પણ ઉપવાસ રાખવા માટે મોટિવેટ કરી શકાય. તો બોલો વાચક મિત્રો, ઉપવાસ કરવા પણ એક મજાની વાત હોઈ શકે છે ને. ચાલો જાણીએ, ચૈત્રી નવરાત્રીમાં આ વખતે સુરતીઓએ માણેલી ટેસ્ટી ફરાળી ફુડ આઈટમ્સ વિશે....

CREATIVE માઈન્ડ્સ





### હેલ્ધી નોન-ફ્રાઈડ સાબુદાણા શક્કરિયા વડા

ફરાળમાં હેલ્થ, બોલો વાત પચી કે નહીં? હેલ્થ ફ્રીક લોકોએ હવે ફરાળમાં હેલ્ધી રસ્તો કાઢી લીધો છે. સાબુદાણાના વડામાં સાબુદાણા સાથે બટાકાના બદલે શક્કરિયું, શીંગદાણાનો ભૂક્કો, લીલું મરચું, કોથમીર વિ. સામગ્રી નાંખી એને અપ્પે પેનમાં ઓછામાં ઓછું તેલ નાંખી શેકી લેવામાં આવે છે. આ ડીશ લો ઈન કેલરી બને છે. ફરાળી વડામાં દહીં નાખી એને દહીં વડાનું પણ સ્વરૂપ અપાય છે, જે ચટણી નાંખી ખાવાથી ખૂબ ટેસ્ટી લાગે છે.

### ફરાળી સાબુદાણા વોફલ

ડેઝર્ટમાં વોફલ એવું તો સાંભળ્યું છે, પણ ફરાળી વોફલ્સ, વાહ! આ તો કંઈક મજા આવે એવું છે ને. ઉપવાસમાં બનાવાતા ફરાળી વોફલ્સમાં બટાકા, સાબુદાણા, લીલા મરચાં, સીંગદાણા ભૂક્કો, વિવિધ મસાલાઓનું મિશ્રણ હોય છે. કોથમીરનો સાર પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. ઉપવાસમાં આવા વોફલ્સ ખૂબ પોપ્યુલર બન્યા છે. આ વોફલ્સ પાઈનેપલ ચટણી સાથે ખૂબ ટેસ્ટી લાગે છે.



### રાજગરા પનીર પરાઠા

સુરતીઓ તો વિવિધ પ્રકારના પરાઠાના ફેન છે. પરાઠાની લારીઓ પર ખાસ્સી ભીડ જોવા મળે છે. ફરાળના રાજગરાના પરાઠામાં પનીરનું સ્ટફીંગ હોય તો તે આઈડિયા કેવો છે? પનીરમાં લીલા મરચા, મરી, મીઠું નાખી એને રાજગરાના લુઆમાં ભરી દો એટલે બની ગયા ટેસ્ટી ફરાળી સ્ટફડ પરાઠા.



### ફરાળી ભેળ

ભેળ, પાણીપુરી જેવું સ્ટ્રીટ ફૂડ એનીટાઈમ લોકો ખાઈ શકે છે. એનો ચટપટો ટેસ્ટ લેવા સુરતીઓ તૈયાર જ હોય. પણ વિચારો ફરાળી ભેળનો આઈડિયા કેવો છે. ફરાળી ભેળ બટાકું, ફરાળી ચેવડો, ખજૂરની ચટણી, ફરાળી વેફર્સ અને જાતજાતના મસાલા નાખી બનાવવામાં આવે છે જે ચટપટી બનતી હોવાથી ઉપવાસમાં ખાવામાં ખૂબ પસંદ કરાય છે. ઘણીવાર ભેળમાં સાબુદાણા પણ નાખવામાં આવે છે જેને સાબુદાણા ભેળ પણ કહેવાય છે.



### આલુ હલવા

ફરાળી સ્વીટ ડીશમાં આજકાલ આલુ હલવો ખૂબ ફેવરિટ બન્યો છે. ઘણા લોકોને કશુંક ગળ્યું ખાવાનું ક્રેવિંગ થતું હોય છે અને ત્યારે કંઈક અલગ શીરો ખૂબ સરસ લાગે છે. બટાકામાં કેસર, ખાંડ, એલચી પાવડર વિ. જેવી સામગ્રીઓ નાંખી એને ટેસ્ટી બનાવાય છે.



### ફરાળી ઢોસા

ફરાળી ઢોસા ચોખાને બદલે મોરિયો અને સાબુદાણાના ખીરા સાથે બનાવવામાં આવે છે જે ખૂબ જ સ્વાદીષ્ટ લાગે છે. આ ઢોસા ફરાળી કોપરાની ચટણી તથા શીંગની ચટણી સાથે ખાવામાં અનેરો આનંદ આવે છે.



મેરી સુરત દેઠી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

***'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજીંદી જીવનશૈલીના આગવા પાસાઓને તેમની ખટમિટ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશા છલકાશે!...***

## ઢાંકીને ગંદકી સાથે ગરીબોનું ઝુંપડું, બતાવીશું અમે શહેરને સાફ-સુથરું...




છીએ અમે રાજકારણી અને નેતા, ભલે થાય જનતાની હાલત ખસ્તાં...છુપાવીશું અમે ગંદકી અને ગરીબોના ઝુંપડા, બોલીશું અમે સુખ-સુવિધાના અનેક જુમલા...શહેર હોય ગંદુ-ગોબરૂં અને ઠેકઠેકાણે કચરાના ઢગલા, પણ આવે જ્યારે મહાનુભાવ ત્યારે મારી દઈશું તેની આગળ પડદા... અમે તો કેમેરા અને ફુલહારના શોખીન, કાફલાને પણ રાખીએ સાથે અમે તો ટીકાઓથી નચિંત...ભૂખમરી અને ગરીબી સાથે અમને નથી નાતા, અમારા ઘરોમાં કરોડો રૂપિયા નથી માતા...